# જ્યોતિ પુંજ


**વર્ષ** **અંક** **તારીખ**

૫૬ ૩ ૧૪-૦૬-૨૦૧૨

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## આવનારને મઝા અને નહી આવનારને પસ્તાવાની ગેરન્ટી

તમે ગીલ્લી-દંડા, નારગોળીયો, કબ્બડી, ખો.ખો રમ્યા છો ? તમારા પિતાજી અથવા દાદાને પુછજો કેવી મઝાની ગેમ્સ છે. તમારી કોમ્પ્યુટર ગેમ્સ કરતાં અનેકગણી મઝા આવે એવી. આ વર્ષે 'ચાલો બાલાસિનોર' દરમ્યાન બાળકોને અને મોટા ઓને પણ આ બધી રમતો રમાડવી છે, શીખવવી છે. બાલાસિનોરમાં ટ્રેઝર હંટનું આયોજન કરીને આપને સૌને બાલાસિનોર સાચા અર્થમાં બતાવવું છે. બધાને ખુબ મઝા કરાવવી છે. તમારા બાળકોની ફ્રેન્ડશીપ બાલાસિનોરના બીજા બાળકો સાથે કરાવવી છે. એમની વચ્ચે કોમ્પીટીશન કરાવવી છે. શું આપ સૌ અમને સહકાર આપશો ? મોટી સંખ્યામાં બાલાસિનોર આવશો ? આવશો તો મઝા આવશે એની ગેરેન્ટી અમારી અને નહી આવનાર પસ્તાશે એની ખાતરી પણ અમારી. નામ નોંધવવાની છેલ્લી તારીખ યાદ છે ને ? ભુલી જાવ તો ડાયરેકટ આવી જજો પણ આવજો જરૂર.

**- ચાલો બાલાસિનોર સમિતિ**

❖❖❖

## FACE - ચહેરો

**તંત્રી સ્થાનેથી**

દુનિયાનું સૌથી વધુ પોપ્યુલેશન ક્યાં છે ? ઈન્ડીયામાં ? ચાયનામાં ? ના, આજે સૌથી વધુ વસ્તી અથવા પોપ્યુલેશન છે ફેસબુક ઉપર. આજના આ ઈન્ટરનેટ યુગમાં ભાગ્યેજ કોઈ ફેસબુક શબ્દથી અજાણ હશે. કોનું કેટલું મિત્ર વર્તુળ છે એ હવે ફેસબુકના એના સ્ટેટસ ઉપરથી, એટલે કે કેટલાં લોકો ફેસબુક ઉપર એની સાથે કનેકટેડ છે એના ઉપરથી નક્કી થાય છે. એમાં એક વોલ હોય છે. પોતાની વોલ ઉપર જે કંઈ પણ

લખીએ એ બધા જ કોન્ટેકટ સુધી પહોંચી જાય છે. એક સરદારજી નવા નવા ફેસબુક ઉપર જોઈન થયા. પેલી વોલ ઉપર શું લખવું એનો વિચાર કરતાં કંઈ સુજયુ નહી, છેલ્લે સરદારજીએ પોતાની વોલ ઉપર લખાણ લખ્યું, '' આ દિવાલ ઉપર થુંકવાની અને ગંદકી કરવાની સખત મનાઈ છે.'' ખેર આ તો મઝાક થઈ પણ લોકો પોતાના મનની વાતો, મનની સ્થીતી અને ક્યારેક સારી વાત અને સંદેશાઓ અન્ય વ્યક્તિઓ સાથે શેર કરે છે. ફેસબુકની સારી બાજુ એટલે આજની બીઝી લાઈફમાં એક બીજાના સંપર્કમાં રહી શકાય છે, મિત્રોની બર્થ ડે ફેસબુક આપણને યાદ કરાવે છે, લગભગ ફેસબુકના બધા જ મિત્રો તરફથી જન્મદિન કે લગ્નતિથિની શુભેચ્છાઓ મળે છે. ફોન ન થતાં હોય એવા મિત્રો સાથે પણ સંપર્કમાં રહી શકાય. મિત્ર વર્તુળ વિસ્તરતાં ક્યારેક જુના ભુલાઈ ગયેલાં, વિસરાઈ ગયેલા મિત્રોનો પણ સંપર્ક થઈ જાય છે. ફેસબુક શરૂ થયા બાદ ઘણા સ્કુલ સમયના અને કોલેજના મિત્રો ફરીથી સંપર્કમાં આવીને ભેગા થાય છે. ફોટા ઉપરથી, નામ ઉપરથી, સ્કુલ ઉપરથી, કોલેજના નામ ઉપરથી સંપર્ક શોધી શકાય છે, આપણી લાગણીઓ વ્યક્ત કરી શકાય છે, બીજાની લાગણીઓને પ્રતિસાદ આપી શકાય છે.

ફેસબુકનો સાચે અર્થ છે ઈન્ટરનેટ ઉપરનો આપણો ''ચહેરો'', લોકો સમક્ષ ખુલ્લો મુકાતો આપણો ચહેરો. પરંતુ વિચાર કરો કેટલા લોકો પોતાનો સાચો ચહેરો રજુ કરતાં હશે ? કહેવાય છે, કોઈપણ વ્યક્તિનો સૌથી સારો ફોટો એના ફેસબુક ઉપર હોય છે અને સૌથી ખરાબ ફોટો ડ્રાઈવિંગ લાયસન્સ ઉપર. કહેવાનું તાત્પર્ય એ કે ફેસબુક ઉપર કોઈ પોતાની સાચી ઓળખાણ નથી આપતું. નામ, નંબર વગેરેની વાત નથી પણ એની ઉપર મુકાતાં ફોટાઓ, વિગતો, સારી સારી વાતો, પોતાના શોખ વગેરે મુકવામાં કેટલાં લોકો પ્રામાણિક હશે ? કોઈ પોતાની નિષ્ફળતાની વાત ફેસબુક ઉપર મુકતું નથી. કેટલાક લોકો હવે છોકરો કે છોકરીના લગ્ન પહેલાં એના વિશે જાણવા માટે ફેસબુકનો ડેટા ચેક કરી લે છે અને એના ઉપરથી એના વ્યક્તિત્વને ઓળખવાનો પ્રયત્ન કરે છે. એની વોલ ઉપર લખાયેલાં લોકોના અભિપ્રાયો વાંચીને એના વિશે અભિપ્રાય બાંધવામાં આવે છે. હમણાં એક કિસ્સો જાણમાં આવ્યો એક છોકરાએ બે ફેસબુક એકાઉન્ટ ખોલેલાં એક સાચું અને બીજુ એક છોકરીના નામનું. પોતાના એકાઉન્ટ ઉપર મુકેલાં ફોટા ઉપર પોતે જ છોકરીના નામના એકાઉન્ટમાંથી વાહ વાહ કરાવતો અને પોતાની ઈમ્પ્રેશન બીજા ઉપર જમાવતો. કદાચ એમાંથી પોતાને પણ સુખ મળતું હશે. પણ આવા કિસ્સાઓ ઉપરથી ખ્યાલ આવે છે કે કોક વ્યક્તિને ફેસબુક ઉપરથી પુરેપુરી જાણી શકાતી નથી. કેટલીકવાર ફેસબુક ઉપરના ફોટા અને વાતો ઉપરથી ઘણા લોકો ખોટું અર્થઘટન પણ કરતાં હોય છે. ફેસબુક ઉપર મુકાયેલા કોક છોકરી કે છોકરા સાથેના ફોટાનું ફક્ત મિત્રો હોવા છતાં ખોટું અર્થઘટન થતું હોય છે. પાર્ટીના ફોટા જોઈને એના વિશે ખોટા ખ્યાલો બંધાતા હોય છે. એના કેરેકટર ઉપર શંકા પ્રદર્શિત થતી હોય છે. એટલે કોકવાર સાચો માણસ વગોવાઈ જાય છે.

આ ફેસબુક ના ચહેરા પરથી એક વાત યાદ આવે છે. કોકે કહ્યું કે જ્યારે બે વ્યક્તિ એક રૂમમાં મળે છે ત્યારે બે નહી પણ છ વ્યક્તિ મળે છે. એક એ, કે જે ખરેખર પોતે છે, બીજો એ કે જે પોતે પોતાની જાતને માને છે કે હું આમ છું, અને ત્રીજો એ ચહેરો કે જે પોતે સામેવાળા પ્રત્યે રજુ કરવા માંગે છે અને સામે આવી જ બીજી ત્રણ વ્યક્તિ. મોટાભાગે બે સાચી વ્યક્તિ કે જે ખરેખર પોતે

છે, એ બાજુ ઉપર રહી જાય છે અને બીજી ચાર વ્યક્તિઓ એકબીજાને ઈમ્પ્રેસ કરવા કે નીચો દેખાડવા પ્રયત્નશીલ થઈ જાય છે. એમની વાતોમાં બન્ને જણાં ક્યારેય પોતાનો સાચો ચહેરો રજુ થવા નથી દેતાં.

મોટાભાગે માનવી પોતાની જાતને પણ ઓળખતો નથી હોતો અથવા ઓળખતાં ડરે છે. પત્ની માટે વારે તહેવારે સાડી અને દાગીના લઈ આપતો માનવી માને છે કે પોતે પોતાની પત્નીને બહુ પ્રેમ કરે છે પણ કદાચ મનમાં ઝાંકીને જુએ તો ખબર પડે કે કદાચ એ પોતાના સ્ટેટસને અનુરૂપ પત્નીને સમાજ સામે રજુ કરવા માટે પણ કરતો હોય. બાળકોને સારામાં સારું ભણતર અને બધા જ સુખ સગવડ આપનાર વ્યક્તિ માનતી હોય કે એને બાળકો પ્રત્યે ખુબ પ્રેમ છે પણ કદાચ બાળકો દ્વારા એ પોતાની અધુરી ઈચ્છાઓ પુરી કરતો હોય. બાળક પોતાની વિરુધ્ધ જાય કે પોતાની ન ગમતી લાઈન લે કે એના લીધે એને નીચાજોણું થાય ત્યારે શું એ એને એટલો જ પ્રેમ આપી શકશે ? ચોવીસ કલાક ચિંતામાં રહેતો ને મનમાં ને મનમાં ગુસ્સામાં રહેતો માનવી બહારથી શાંત રહીને માનવા લાગે છે તે પોતે શાંત અને બિન્દાસ માણસ છે. ગરીબોને કે સમાજના નીચલા વર્ગના મનુષ્યોને નફરત કરતો માનવી ક્યારેક ક્યારે એ લોકો દાન કે મદદ કરીને માનતો હોય તે પોતે માયાળુ ને દાનવીર છે. ફક્ત પોતાની જાતને જ પ્રેમ કરતો માણસ પણ માનતો હોય છે કે તે ખુબ પ્રેમાળ છે. ધંધામાં ચોરી કરવાની કે બેઈમાની કરવાની તક ન મળતી હોય એ માનવી કદાચ પોતાને ઈમાનદાર માનતો થઈ જાય છે. એની ઈમાનદારી ત્યારેજ સાચી કહેવાય જ્યારે તક મળે અને ત્યારે પણ ઈમાનદારીપુર્વક એ તક છોડી દે. એકાદ દિવસ એવું જાહેર થાય કે આજે કોઈપણ ગુનો કરનારને સજા અથવા દંડ નહી થાય, ત્યારે પણ કોઈ ગુનો કરવાનું મન ન થાય તો આપણે સાચા. આમ માણસે પોતાની જાતને પહેલાં ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પોતે જે છે અને પોતે માને છે કે પોતે છે એની વચ્ચેનું અંતર દુર થવું જોઈએ તો કદાચ પેલા ત્રણમાંથી બે મનુષ્ય થઈ જાય.

પેલાં ત્રીજા મનુષ્યની વાત કરું તો એ ચહેરો છે ફેસબુકનો. આપણે શું વાત કરીશું તો સામેવાળાને સારું લાગશે, આપણી ઈમ્પ્રેશન પડશે એ વાત તે એ ચહેરો રજુ થાય છે. સામેવાળાને બતાવવું છે કે હું સારો છું, હું પૈસાવાળો છું, હું દાનવીર છું, હું હોંશિયાર છું, હું સફળ છું, હું પ્રતિષ્ઠિત છું અને ખાસ તો હું તમારાથી ચઢિયાતો છું, હું તમારાથી વધુ ખુશ છું, મારી પાસે તમારાથી વધુ છે. આ બધા માનવીના કોમ્પ્લેક્ષ છે. માણસમાં ઈન્ફીરીયારોટી કોમ્પ્લેક્ષ બે રીતે આવે છે. એક કે જ્યારે એ પોતાની જાત વિશે વિચારીને, પોતાનો ખરેખરો ચહેરો ઓળખી શકે છે ત્યારે અને બીજો જ્યારે એ પોતાને બીજાની સાથે કમ્પેર કરે છે ત્યારે. પહેલો ઈન્ફીરીયારીટી કોમ્પ્લેક્ષ તો સારો કહેવાય કારણ કે એ એને પ્રગતિના પંથે લઈ જાય છે. પોતે ખરાબ હોય તો એને સુધારવાની તક આપે છે. પોતાના આત્માને ઓળખવાની અને યોગ્ય માર્ગે જવાની તક આપે છે પરંતુ બીજા સાથેની કમ્પેરીઝન એને દુઃખી કરે છે. કદાચ એટલે જ એ નકલી ચહેરો પહેરીને બીજાઓ સામે રજુ થાય છે. જરૂરી નથી કે બધા જ હસતાં ચહેરાઓ સુખી હોય છે. કદાચ એ લોકો પણ સુખ નો ચહેરો પહેરીને ફરતાં હોય.

એક નાનકડી વાર્તા દ્વારા સમાપન કરીશ. એક ગલીમાં એક સંત અને એક વેશ્યા સામ સામે રહેતાં હતાં. બન્નેનું મૃત્યુ એક જ દિવસે એક જ સમયે થયું.

યમરાજે બન્નેના આત્માની ડીલીવરી લેવા માણસને મોકલ્યો. ડીલીવરી નોટ જોઈને એ માણસ પાછો યમરાજ પાસે ગયો. કીધુ,''ભગવાન આમાં કંઈ ભુલ થઈ લાગે છે. આ ડીલીવરી નોટમાં લખ્યું છે કે સંતને નરકમાં લઈ જવો અને વેશ્યાને સ્વર્ગમાં.'' યમરાજા એ કીધું, ''આમાં કંઈ જ ભુલ નથી. જ્યારે જ્યારે સંતના ઘરમાંથી આરતીની ઘંટડીનો અવાજ આવતો ત્યારે ત્યારે આ વેશ્યા વિચારતી હું ક્યારે ભગવાન સામે ઉભી રહી શકીશ ? જ્યારે એ સંતના સફેદ વસ્ત્રો જોતી એના મોઢા ઉપરની શાંતિ જોતી ત્યારે ત્યારે એ વિચારતી કે આવી શાંતિ આવા શ્વેત વસ્ત્રોની સાદગી મને ક્યારે મળશે. સંતની આંખો જેવી નિર્મળતાં મને ક્યારે મળશે, પ્રભુ હું આ સંતની જેમ તને કેવી રીતે ને ક્યારે પામી શકીશ ? એટલે એ વેશ્યા મનથી સંત જેવું જીવન જીવતી હતી. સંત જ્યારે જ્યારે વેશ્યાના ઘરના મુજરાનું સંગીત સાંભળતો ત્યારે ત્યારે એનું મન ત્યાં ખેંચાતું એના મનમાં થતું ''ક્યાં સંત થઈ ગયો ?'' એ ત્યાં નજર કરતાં ડરતો માટે એની આંખો નીચી થઈ જતી. મન વેશ્યા પાસે જવા વિવહળ થતું હતું પણ આંચળો સંતનો પહેરેલો હતો. આમ મનથી એ સંત વેશ્યા પાસે જવાની ઈચ્છા દબાવતો હતો. વેશ્યાની ઈર્ષ્યા કરતો હતો. એની સમૃધ્ધિની ઈર્ષ્યા કરતો હતો. ''હે વત્સ તને તો ખબર છે કે પૃથ્વી લોક ઉપર ભલે ચહેરા પ્રમાણે માનવીની ગણતરી થતી હોય અહીં દેવલોકમાં તો જેવું મન હોય એ પ્રમાણે જ સ્વર્ગ કે નરક નક્કી થતાં હોય છે. અને આવી ડીલીવરી નોટ જ મોટેભાગે લખાતી હોય છે. આનાથી ઉલટું કદાચ લખાય જાય તો તું અવશ્ય મારું ધ્યાન દોરજે.''

આમ ચહેરો જોઈને કોઈના દિલની વાત નજર સમક્ષ આવતી નથી. એટલે ફેસબુક મજાક મસ્તી માટે, લોકોના કોન્ટેકટમાં રહેવા અને પોતાની ખુશી શેર કરવા પુરતું ઠીક છે. એના ઉપરથી માણસને જજ કરવાની કે એના વિષે સારા ખરાબ અભિપ્રાયો બાંધવાની ભુલ ન કરવી જોઈએ. જાહેર જીવનમાં પણ માનવી ક્યાં કળાય છે, ક્યાં સમજાય છે, કે આપણે જે વ્યક્તિને મળીએ છીએ એનો એક ચહેરો છે કે ત્રણ. આપણે બસ આપણા માટે પ્રયત્ન કરી શકીએ, ત્રણમાંથી એક ચહેરા ઉપર આવવાનો. પોતાની જાતને બરાબર ઓળખીશું તો એને બદલવાનું શક્ય બનશે. આ જ આત્માને ઓળખવાની વાત છે અને એજ પરમાત્મા તરફ જવાનું પહેલું પગથિયું છે. ચહેરા ઉપરના અને મન ઉપરના આવરણ દુર કરો. ખુદનો ચહેરો સ્પષ્ટ બનાવો બાકી તો ફેસબુકના આ જમાનામાં પેલા ગીતની જેમ 'એક ચહેરે પે કઈ ચહેરે લગા લેતે હૈ લોગ'

**- નિખિલ પરીખ**

# સુગંધ રહે ત્યાં સુધી સંબંધની મજા છે

દુનિયાને સૌથી સુપરફાસ્ટ બનાવનારા જીનિયસ માણસો પણ માનવીના મનની લીલાને સમજી શકતા નથી. સંબંધો બાંધવા બહુ સહેલા છે પરંતુ સંબંધો જાળવવા બહુ અઘરા છે. કોણ જાણે ક્યારે તમારી સાથે કંઈ બાબતમાં વાંકુ પડી જાય એની તમને કલ્પના આવે ત્યાં સુધીમાં સંબંધની સુંગધ ઉડી જાય છે.

સંબંધ એટલે સારી રીતે બંધાયેલું પરંતુ બંધન એટલે મહાભારતકાર કહે છે એમ ગાંઠ અને ગાંઠ ક્યારે પણ કાયમી હોતી નથી. ભગવાન શ્રી કૃષ્ણની બહેન સુભદ્રાને અર્જુન પરણવાનો છે. કૃષ્ણા દ્રૌપદીના સ્વભાવને બરોબર જાણે છે એટલે બહેનને સમજાવીને મોકલે છે. સુભદ્રા જે રીતે દ્રૌપદી પાસે પોતાને સ્વીકારી લેવાની શરૂઆત કરે છે ત્યારે જ પાંચાલી સમજી જાય છે કે સુભદ્રાને કૃષ્ણે તૈયાર કરીને મોકલી છે. એ સુભદ્રાને કશું કહેતી નથી પરંતુ દ્રૌપદી એક સચોટ વાક્ય કહે છે - 'સુબધ્યાપિ ભારષ્ય, પુર્વબંધો શ્લથાયતે' ગમે તેટલી સારી રીતે પહેલી ગાંઠ મારેલી હોય ત્યારે બીજી ગાંઠ મારો ત્યારે પહેલી ગાંઠ ઢીલી પડી જાય છે. માનવ મનની અકળ વાતને આટલી અદભુત ભાગ્યે જ કોઈ ભાષાના સર્જકે રજુ કરી હશે.

આજે તો માતા-પિતા કે સગાં ભાઈ-બહેનો કે ભાઈ-ભાઈ વચ્ચે નાની બાબતે મન દુઃખ થઈ જાય છે. તો બીજાની ક્યાં વાત કરવી? સચ કા સામના કાર્યક્રમમાં વિનોદ કાંબલી શું બોલ્યો એની ચિંતા સચિન તેન્ડુલકર કરતો નથી. તમે કોઈને આદરભાવથી પ્રણામ કરો છો કે તેના પગને સ્પર્શ કરો ત્યારે તમારા મનમાં શું છે એ તમે જાણો છો પરંતુ સામી વ્યક્તિ એનું અર્થઘટન કેવી રીતે કરશે તે કહેવાનું મુશ્કેલ છે. ઘણીવાર આંતરરાષ્ટ્રીય કક્ષાની વ્યક્તિ પણ ગેરસમજનો ભોગ બની સંબંધોમાં તીરાડ આણે છે. ૧૯૬૦માં સદગત મહંમદ રફીએ રોયલ્ટીના પ્રશ્ને લતાજી સાથે થોડુ જુદુ વલણ લીધેલું ત્યારે લતાજીએ થોડો સમય તેની સાથે ગાવાનું બંધ કરી દીધેલું. બે વ્યક્તિ વાત કરતી હોય ત્યારે પણ બંનેના અર્ધજાગૃત (સબ કોન્સીયસ) મનમાં કોઈક બીજા વિચાર ચાલતા હોય છે. મનને વિચાર મુક્ત કરવાનું કામ આ જગતમાં સૌથી મુશ્કેલ છે. ઓશો રજનીશ એટલે જ કહેતા કે મનના વિચારોને સાક્ષીભાવે જોયા કરો. વિચારો પ્રકાશની ગતિને પણ ઝાંખી પાડે છે, વિચારની ગતિને અવસ્થાની અસર પણ થતી નથી. વાત સંબંધની ચાલે છે. કોણ જાણે કેમ પણ ઘણીવાર એવું લાગે છે કે સંબંધો સૌથી તકલાદી બાબત છે. આજના માહિતીના મહાસાગર જેવા વિશ્વમાં સંબંધો સાચવવાનું કામ કદાચ સૌથી અઘરું થઈ પડયું છે. આપણે મન મનાવવા કોઈની કવિતા ટાંકી દઈએ. હસતાં હસતાં રડી પડે ભૈ માણસ છે, રમતાં રમતાં લડી પડે ભૈ માણસ છે. હૈયામાં એકવાર તિરાડ પડે છે એ જલ્દી સંધાતી નથી. ક્યારેક કોઈ સાવ અજાણ્યાનો પહેલો પરિચય થાય તો પણ જાણે વરસોથી એકબીજાને જાણતા હતા એવી લાગણી થાય છે. જ્યારે કોઈ વખત વરસો જુનો દોસ્ત અજનબી લાગવા માંડે છે. વાત સંબંધની પોકળતાની છે. એવાય માણસો જોયા છે જે પોતાના પાળેલા શ્વાનને કુટુંબીજનો કરતાં વધુ પ્રેમ કરતાં હોય છે. પુછો તો કહેશે પણ ખરાં કે કુટુંબની વ્યક્તિ સ્વાર્થને કારણે સંબંધો નિભાવે છે. જ્યારે આ

એક મુંગો જીવ તો નિસ્વાર્થપણે મને ચાહે છે. વાત અર્ધી સાચી છે. પશુ-પક્ષીઓના સ્વભાવના અભ્યાસીઓ કહે છે, એ લોકો પણ એટલું તો સમજે છે કે આ માણસ મને સમયસર ખાવા આપે છે. એમને પણ કુદરતે પોતાના યોગક્ષેમની સુજ સમજ આપી છે. પરંતુ માણસ સૌથી બુદ્ધિશાળી જીવ ગણાતો હોવા છતાં એકબીજાને પુરેપુરો કદી સમજી શકતો નથી. સતત ગેરસમજના ચક્રવ્યુહમાં ફસાય છે અને મનદુઃખ અનુભવે છે. સંબંધની સુગંધને જાળવી રાખનારા સદા મનમૌજી રહે છે. સંબંધની સુગંધ જે ક્ષણે ઉડી જાય છે તે ક્ષણે સંબંધ નિરર્થક બની જાય છે. એવા સંબંધનો ભાર ક્યારેક થકવી નાંખે છે.

**-લી. શૈલેષ કી. દેસાઈ**

## અભિનંદન

શ્રી અશોકભાઈ એન. દોશી અને શ્રી હેમલ દોશી સંચાલિત કંપની યુનિવર્સલ સોલાર સિસ્ટમે, ગુજરાત સરકાર અને એકઝીમ બેંકનાં સહકારથી અત્યંત મહત્વાકાંક્ષી અને વિશ્વચર્ચિત સોલાર પ્લાન્ટ (૨ - મેગા વોટ), કાર્યરત કર્યો છે. આ પ્લાન્ટનાં ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાતનાં મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્ર મોદીએ તેઓને બિરદાવી બહુમાન કર્યુ હતું. સંસ્થા અને સમાજ વતી શ્રી અશોકભાઈ અને શ્રી હેમલ દોશીને અભિનંદન.

# ટમાટર

**ફળ સમજીને ખાઓ તો અમૃત ।**
**ભાજી સમજને ખાઓ તો ઝેર ।।**

ટમાટરને ફળ તરીકે વાપરવામાં આવે તો તે અમૃત સમાન ટોનિક છે. ભોજન અને દવા છે. માથાના વાળથી પગના તળિયા સુધીની કોઈપણ બીમારી મટાડીને કાયાને સુંદર બનાવે છે. આંખોમાં મદભરી હસી અને મોઢા પર ગુલાબી રંગ ભરનાર, સર્વત્ર મળનાર પ્રભુનું વરદાન છે. એનાથી મોટાપો ઘટે છે. શરીર પોલાદી બને છે. ડાયાબીટીસને કાબુમાં રાખીને મટાડે છે.

ટમાટર જેટલું લોહતત્વ (Iron) બીજા કોઈપણ ફળમાં નથી. દૂધ કતાં બમણું અને ઈંડા કરતાં ૪ ઘણુ વધારે લોહતત્વ ટમાટરમાં હોય છે. તામ્ર (તાંબા) નું પ્રમાણ પણ ખાસુ હોય છે. ટમાટર ચાવીને ખાવાથી અથવા એનો રસ કાઢીને પીવાથી ૧૦ દિવસમાંજ ફાયદાઓ થતા દેખાઈ આવે છે. આખા ટમાટર (કાપ્યા સિવાય) ચોખ્ખા પાણીમાં બાફી (ઉકાળી) શકો છો થોડા ઠંડા થયા પછી એ જ પાણીમાં છાલ કાઢીને બરાબર મસળીને એને રસ (Juice) બનાઓ. બીજી તપેલીમાં પાણીને વઘાર કરીને એમા સ્વાદનુસાર કાળા મરીનો પાવડર, કાચાજીરાનો પાવડર અને સિંધવ અથવા સંચળ નાખો. ગળ્યુ કરવા માટે ગ્લુકોઝ, સાકર, બુરાખાંડ નાખી શકો. ગાજરની સીઝન હોય તો ગાજરનો રસ બરાબરીની માત્રામાં અને બીટનો રસ અર્ધા પ્રમાણમાં મેળવીને દિવસમાં બે વખત પી શકો છો. ટમાટરનો ફળ તરીકે ઉપયોગ કરવાથી માત્ર બે જ મહિનામાં મુર્ઝાઈ ગયેલા મોઢા પર ગુલાબ જેવી લાલીમાં આવશે.

ટમાટરનો રસ (Juice) કપડાથી બરાબર ગાળીને એમાં એટલું જ દુધ નાખો. ૧ ચમચી ગાયનું ઘી અને ૨ ચમચી મધ નાખીને પીઓ. દુધની વિશિષ્ટતા એ છે કે ગળામાંથી નીચે ઉતરતની સાથે જ એનું લોહી બને છે. ભાતમાં નાખીને અથવા રોટલા જોડે પણ ખાઈ શકો છો. ટમાટરના ગાળેલા રસમાં પાતળી છાશ બરાબરીની માત્રામાં મેળવીને કાચા જીરાનો પાવડર, મરીનો પાવડર અને સિંધવ અથવા ગ્લુકોઝ નાખીને પણ પી શકો છો. ૧૫ દિવસમાં જ રક્તાલ્પતા (Anemea) મટીને હીમોગ્લોબીન બરાબર થશે. શીઘ્રપતન, પૌરુષત્વની ઉણપ, નપુંસકતા વિગેરે પુરુષોની બીમારીઓ અને સ્ત્રીઓનું ઠંડાપણું મટી જશે. સવા મહિનો બ્રહ્મચર્ય પાળો. ૧ ચમચી પાલકના બીજ ટમાટરના રસ સાથે લેવાથી પ્રમેહ (જાર્ણ) મટીને પૌરૂપત્વ પ્રાપ્ત થશે. ખંજવાળ (Itching) ની બીમારી મટી જશે. ૧ ગ્લાસ ટમાટના રસમાં ૧ ચમચી માછલીનું તેલ (કોડલીવર ઓઈલ) અથવા નારીયેલ તેલ યા તલનું તેલ અને ૨ ચમચી મધ મેળવીને સવાર-સાંજ પીવાથી ક્ષયરોગ (TB) મટી જશે. ટમાટર રસમાં કાળા મરી, કાચા જીરાનો પાવડર અને સંચળ મેળવીને પીવાથી સુક્કી ચામડી (Dry Skin) બરાબર થઈ જશે. પાંચ ચમચી ટમાટરના રસમાં, ૧ ચમચી નારિયેલ તેલ મેળવીને સંપૂર્ણ શરીરની હલકા હાથે માલીશ કરીને ૧૦ મિનિટ પછી ન્હાઈ લો. ગ્લીસરીન, લીમડા અથવા કામધેનુ, ચંદ્રિકા સાબુ વાપરી શકો બીજા કોઈ પણ

નહીં. ૧૫ દિવસમાં જ ચામડી રેશમ જેવી સુંવાળી અને ચમકદાર થશે. ખંજવાળ બંધ થશે. ટમાટરનો રસ પીવાથી શરીરની અને લોહીની ગરમી ઓછી થાય છે. તાવ ઉતરે છે. તાવમાં લાગતી પાણી પીવાની તરસ મટે છે.

જમતાં પહેલા ટમાટરનો રસ પીવાથી અથવા કાચા ટમાટર ચાવીને ખાવાથી ભૂખ વધીને શરીર પોલાદી થાય છે. બાળકને ટમાટરનો રસ અને બટાકાનો શીરો ખવડાવવાથી બાળકોના શરીર ભરવાદાર થાય છે.

અમૃત ફળ ટમાટરની વાત શું કરીએ ! એ મોઢાનું તેજ વધારે છે. આંખોની જ્યોતિ વધારે છે. ચામડી અને વાળ રેશમ જેવા બનાવે છે. કબજીઆતનો નાશ કરે છે. લોહી પડતા અથવા વા વાળા મસા મટાડે છે. ઓપરેશન કરવાની જરૂર રહેતી નથી. હૃદયને તંદુરસ્ત બનાવે છે. ઝાડો અને પેશાબ ખુલાસીને લાવે છે. શરીરની વધારાની ચરબી ઓગાળે છે અને ઓછી ચરબીવાળાની ચરબી વધારી સપ્રમાણ કરે છે. અનાથ બાળકોની મમ્મી (માતા) બને છે. માઈકાંગલાઓને પોલાદી (Steel man) પુરુષ બનાવે છે.

ટમાટરથી દાંતમાંથી પડતું લોહી બંધ થાય છે. મોઢાના ચાંદા મટે છે. ગલગુંડ (Mumજs) થવા નથી દેતો, થયેલો મટાડે છે. ટમાટર આંત્રકૃમિદર એટલે આંતરડાના વગર કામના કૃમિઓને જીવતા અથવા મરેલા બહાર કાઢે છે. ટમાટરથી આંખોમાં સૂર્ય જેવી રોશની અને ચંદ્ર જેવી શીતળતા અને ચમક આવે છે. માણસને ફૂર્તીલો નવજવાન બનાવે છે.

ટમાટર એક સક્ષમ કાબેલ સફાઈ કર્મચારીની જેમ સંપૂર્ણ શરીરને સફાઈ કરે છે અને સ્વાસ્થ્ય મંત્રી (Health Minister) ની જેમ તંદુરસ્તીના સાધનોને સુવ્યવસ્થિત રાખે છે.

ટમાટરમાં સેવામ્લ, સ્ફુરામ્લ અને જમ્બરામ્લ આ ત્રણ પ્રકારના આમ્લ (Acid) હોય છે, જેનાથી માનવમાત્રની તંદુરસ્તી જળવાઈ રહે છે. આ આમ્લમાં એસિડ હોય છે. પરંતુ એ શરીરને નુકશાનદાયક નથી પરંતુ એ કુદરતી રીતે આ બીમારીઓ દૂર કરવામાં મદદરૂપ થાય છે. ટમાટરને કાપીને ઉકાળવાથી તેજાબી આમ્લ શરીરને નુકશાનકર્તા બને છે, જેથી બીમારીનો જડમૂળથી થતો નથી. ફરી ફરી પાછો આવે છે. બીજી વાત આ તેજાબ તંદુરસ્ત માણસને બીમાર બનાવી દે છે. એટલે તે ઝેર છે. ટમાટરનો પ્રયોગ ભાજી જેવો કરો તો તે ઝેર છે.

આપણે એ તો પહેલા જ જાણી લીધું કે ટમાટરમાં સૌથી વધારે લોહતત્વ છે. વિટામીન એ, બી, સી, દ્રાક્ષ અને સંતરા કરતાં વધારે છે.

ટમાટરથી કેન્સર, દમ, ટી.બી., હાય અને લો બી.પી., ડાયાબીટીસ, મેદસ્વીતા આદિ કષ્ટદાયક બીમારીઓ મટે છે. હૃદય બળવાન થાય છે. ચામડીના રોગ મટી જાય છે. કાંતિ નિર્મલ તેજસ્વી થાય છે. મોઢા પરના દાગ, ખીલના દાગ પર ટમાટર કાપીને પ્રમાણસર ગોઠવીને કપડાથી બાંધીને તમારું રોજ બરોજનું કામ કરતા રહો. થોડા જ દિવસમાં તમારા મોં પરનો ચામડીનો રંગ ખૂલશે.

હવે એ તમારા હાથમાં છે કે ટમાટરના અમૃતનું પાન કરવું કે ઝેરનું કરવું !-

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# સંસ્થા સમાચાર

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧૧મી બેઠક**

તા. ૩૦-૪-૨૦૧૨ના રોજ સોમવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશભાઈ શાહ એ ગત મિટિંગનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના મંત્રીશ્રી ભાવેશભાઈ મોદીએ મંત્રી નિવેદન રજુ કર્યુ હતુ.

એક દીવસીય મિટિંગ ૨૫-૫-૨૦૧૨ના રોજ તથા વાર્ષિક સામાન્ય સભા તા. ૩૦-૬-૨૦૧૨ના રોજ રાખવાનું નક્કી કરાયુ હતુ.

પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆ એ ગત પ્રમુખ શ્રી સુનીલ કડકીઆનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કર્યુ હતુ. ગત વર્ષે જયોતિપુંજના રેપર અને BNS ની વેબસાઈટમાં સુધારો જેવાં કાર્યોમાં પરદેશ હોવા છતાં પણ તેમણે બહુમુલ્ય ફાળો આપ્યો હતો. શ્રી સુનીલભાઈએ લાઈફમેમ્બરશીપના રેકોડ માટે નવા પ્રોગ્રામની રજૂઆત કરી હતી તે પસાર કરવામાં આવી હતી.

કુલ ૪ લીવ ની અરજી તથા ૨ આજીવન સભ્યોની અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧૨મી બેઠક**

વન-ડે મિટીંગ તા. ૨૫-૫-૨૦૧૨ના રોજ શુક્રવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) મિટિંગ હોલ (પ્રગતિ સમાજ) ઓફીસ ખાતે મળી હતી.

પ્રમુખ કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)એ આમંત્રિત મહેમાનો અને વડીલોને આવકાર આપી તેમનાં નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ એ ગત મિટિંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી નીકેશ ગાંધી એ ગત વર્ષનાં બીન અન્વેષિત હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યા હતા.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ મંત્રી નિવેદન રજુ કર્યુ હતું. જે પસાર કરવામાં આવ્યું હતું. અને આમંત્રિત વડીલોએ સંસ્થાની ગતવર્ષની સેવાઓ બિરદાવી હતી અને સારા ભવિષ્યની આશા વ્યક્ત કરી હતી.

કુલ ૪ લીવની અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી ભાવેશ બીપીન મોદી**

કોઈને શબ્દોથી કાપો નહિ પણ
કોઈના દિલમાં
સુંદર શબ્દો રોપો.
-અજ્ઞાત

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
## કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાર્થના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** - ટેન. ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ / ૯૮૨૧૨૩૪૩૦૬

Nikoshi Trading Co. 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathakwadi, Lohar Chawl, Mumbai - 400002

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

# BALASINOR MEDICAL ASSOCIATION

The 4th Annual get together of the Associaltion (which provides the meeting ground for junior and senior doctors, from the suburbs and doctors of all specialties) was held on 15th April at Hotel Land Mark, Malad. 33 Members attended the meeting.

Meeting started with the registration and distribution of updated list of members. The Members were invited by Dr. Rajesh Parikh. Detail of the Finance was given by Dr. Kiran Shah.

Dr. Rajat Mody presented some excellent first day stamp covers of world animals the best being stamp of dinosaurs with Balasinor printed on it. Dr. Akshay Sevak gave his valuable suggestions about the New Health Survey forms and guided the Doctors for active participation. Dr. Kirit Mody advised to collect date of prevalent disease through Health Survey Forms.

New members introduced themselves and future programmes like a picnic in February along with some talent presentation was announced. Mayur Desai thanked Dr. Rajesh Shah, Dr. Atul Kadakia and Dr. Rajat Mody for arranging the whole function and sponsoring the gifts for the games.

Meeting ended after a stupendous lunch and promise to meet again in february 2013.

WE APPEAL TO ALL COMMUNITY DOCTORS, PARAMEDICAL AND MEDICAL STUDENTS TO GET INVOLVED AND BECOME MEMBERS.

**Dr. Akshay Sevak & Dr. Rajesh Parikh**

**Hon Secretaries**

## વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ વાર્ષિક સામાન્ય સભા (A.G.M.)

મંડળનાં સભાસદોની ૮૮મી વાર્ષિક સામાન્ય સભા (A.G.M.) રામા વાટુમલ હોલ, કે.સી.કોલેજ, ચર્ચગેટ ખાતે રવિવાર તા. ૧૬-૯-૧૨ના રોજ સવારે ૯.૦૦ કલાકે આયોજિત કરી છે. સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

આ પ્રસંગે, વિવિધ શૈક્ષણિક પારિતોષિકોનું વિતરણ, દાતાઓનુ સન્માન, શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિયા પુરસ્કૃત (TALENT APPRECIATION SCHEME) ટેલેન્ટ એપ્રીશીયેશન સ્કીમ અન્વયે વાડસોલ ગૌરવ સન્માન તેમજ શ્રી નટવરભાઈ પરીખ (વોરા) પ્રેરિત બાલાસિનોર સમાજનાં સન્માનનિય સમાજસેવક શ્રી મણિકાંત છોટાલાલ કડકીઆ (સુરતી) ની સેવાઓને 'વાડસોલ કર્મવીર' બિરુદ થી ગૌરવાન્વિત કરાશે, સમાજનાં દરેક વ્યક્તિઓએ હાજર રહી સમાજ રત્નોને બીરદાવવાં જાહેર નિમંત્રણ.

**અનુકરણીય દાન**

૧) શ્રી દિલીપભાઈ પુનમચંદ શાહ (વાઘકડકીઆ) અમેરીકા તરફથી શ્રીમતી મણિબેન પુનમચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ ન્યાસ ફંડ માં રૂા. ૫૦,૦૦૦ (રૂા. પચાસ હજાર) ટ્રસ્ટ ન્યાસ ફંડમાં આજ સુધી મળેલ રૂા. ૩,૧૦,૫૦૦ સહિત કુલ રકમ ૩,૬૦,૫૦૦ થાય છે.

૨) શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ કડકીઆ (ખીસાદાર) તરફથી ન્યાસ ફંડ માં રૂા. ૧૧,૦૦૦ (અગિયાર હજાર)

મંડળ દાતાઓનો હાર્દિક આભાર માને છે.

**માનદ્ મંત્રીઓ**
**શ્રી શરદ નટવરલાલ દેસાઈ**
**શ્રી મંજુલ શૈલેષ ધારીઆ**

Auml Parlour

## વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ
## શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિયા
## TALENT APPRECIATION SCHEME

**અમિતાભ બચ્ચન, આમિર ખાન, સચીન તેંડુલકર, એમ. એફ. હુસેન, ઐશ્વર્યા, માધુરી, કિશોરકુમાર, બિસમિલ્લાહ ખાન, બૈચુંગ ભુટિયા, ધનરાજ પિલ્લૈ, વિશ્વનાથન આનંદ, વિજેન્દ્ર**
**જેવા અનેક .....**

**ગુણિયલ અને નામી કલાકારો અને રમતવીરો પાસેથી પ્રેરણા લઈ જેમણે વિવિધ કળા, રમત-ગમત, સાહિત્ય ક્ષેત્રે પોતાનું સ્થાન મેળવવાની કોશિષ આદરી છે તેવા વાડસોલ સમાજના ભાવિ મહાનુભાવોને નિમંત્રણ**

ઉપયુક્ત યોજના અન્વયે વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો, યુવાન, યુવતીઓ તેમજ કોઈપણ ઉંમરની વ્યક્તિઓ, જેમણે શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં (Achievement in the fields of Fine Arts, Music, Dance, Singing, Acting, Sports, Litereature etc.) પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું ચાલુ વર્ષે મંડળની વાર્ષિક સામાન્ય સભામાં (સપ્ટેમ્બર ૨૦૧૨) સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે. નજીકના ભુતકાળ તેમજ ચાલુ વર્ષ દરમિયાન પ્રાપ્ત થયેલ યોગદાનની રજુઆત ગણતરીમાં લેવામાં આવશે. જેમાં યોગ્યતા દર્શાવતું પ્રમાણપત્ર, સર્ટિફિકેટ અથવા અન્ય જરૂરી માહિતી (Proof / Supporting Information & Documents) તા. ૩૧-૮-૧૨ સુધીમાં આપવાની રહેશે. આ સિવાય વાડાસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યુ હોય તે આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને આપી શકો છો. આ યોજનામાં દશાનીમાં વણિક જ્ઞાતિની બહેનો કે જેમણે પર જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે.

આ યોજના અંગેની વધુ માહિતી જાણકારી અંગે આપ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરવાળા) ૯૮૨૦૧૫૭૩૩૫, શ્રી કિરીટભાઈ રમણલાલ કડકીયા (મલમ) ૯૮૨૧૦૩૭૬૪૭, શ્રી ચેતન મોદી (બંગડી) ૯૯૨૦૫૪૦૮૫૮ તેમજ મંડળની કારોબારી સમિતિના અન્ય સભ્યોનો સંપર્ક સાધી શકો છો.

**માનદ્ મંત્રીઓ**
**શ્રી શરદ નટવરલાલ દેસાઈ**
**શ્રી મંજુલ શૈલેષ ધારીઆ**

---

## શ્રી કે. એમ. જી. જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

(૧) શ્રીમતી મંજુલાબેન અને શ્રી જંયતિલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર) કાન, નાક, અને ગળાના રોગોનો છઠ્ઠો નિદાન કેમ્પ : તા. ૨૨-૫-૨૦૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૩૬ દર્દીઓ નોંધાયેલા. તમામ દર્દીઓને તપાસીને જરૂરીયાતવાળા દર્દીઓને સાત દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

(૨) 'ગીરીપૂજા' કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) કેન્સર નિદાન કેમ્પઃ આગામી તા. ૧૬-૬-૧૨ના રોજ યોજવામાં આવેલ છે.

**માનદ્ મંત્રીઓ**
**શ્રી રાજેન્દ્ર દેસાઈ - શ્રી નિતીન પરીખ**

# શ્રી બાલાસિનોર મેડિકલ ટ્રસ્ટ

આપ સૌના સહકારથી તા. ૧૮-૩-૨૦૧૨ને રવિવારે આયોજિત "V.D.N.M Health Survey Camp" ખૂબ જ સફળતાથી સંપૂર્ણ થયેલ છે. આ Camp માં ૧૧૦ જ્ઞાતિજનોનું Blood, Eye checkup, B.P. વિગેરેનું નિદાન થયેલ છે.

આ બાબતની ખાસ નોંધ લેવી કે જ્ઞાતિજનોના આગ્રહથી કેમ્પમાં નક્કી કરેલ blood package ઉપરાંત પેશન્ટને જોઈતા extra blood test નો report એમને Courier દ્વારા પહોંચાડી દીધેલ છે. અમુક જ્ઞાતિજનોના additional blood test ની રકમ હજી સુધી med-center માં જમા થયેલ નથી તો આપ સૌને ખાસ વિનંતી કે આપ સૌના ઘરે ટેલિફોન દ્વારા અથવા જ્યોતિપુંજના માધ્યમ દ્વારા reminder ની રાહ ન જોતા અમને સહકાર આપી વહેલી તકે આપની જમા રકમ med-cent માં પહોંચતી કરી બિલ પ્રાપ્ત કરી લેવું. આ સાથે કોઈ પણ રજિસ્ટ્રેશન કરાવેલ વ્યક્તિનું blood-checkup ન થયું હોય એમણે ફોન દ્વારા વહેલી તકે જાણકારી આપી એમનું નિદાન કરાવી લેવું.

your co-operation is our strength.

**with regards**
**For VDNM =**
**Kinnari Sevak**

# V. D. N. M. MEDICAL CENTER

We are pleased to inform you that our MEDICAL CENTER has appointed a Senior General Practioner DR. BHUPENDRA M. SARAIYA an Honorary Family Physician to serve as a community social worker in our BALASINOR MEDICAL CENTER. Dr. B.M.SARAIYA with 43 Years of extensive experience has agreed to oblige us with his medical service.

# PAST CAREER PATH

| Position | Organization |
|---|---|
| Medical Consultant and Administrator | Insight Healthscan Pvt.Ltd., Mumbai |
| Medical Consultant | Garware Wall Ropes Ltd., Mumbai |
| Medical Examiner | Life Insurance Corporation of India, Mumbai |
| Medical & Recruitment Officer | BEST Undertaking, Mumbai |
| Medical Advisor | Paramount Healthcare Management Co. P. Ltd., Mumbai |

Timings : 10.30 AM to 12.30 PM, Mon to Friday
5.00 PM to 6 PM
Consultation Charge - Rs 20/- Only.
For Medication or Injection additional charge of Rs. 20/- respectively

**Dr. Akshay Sevak**
**Hon. Med. Suprintendent.**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે. **– માનદ્ મંત્રી ભાવેશ મોદી**

# 'સંસાર'

તુંને મુજકો 'સંસાર' મેં ભેજા,
તેરો સંસાર અબ ખારો ભયો,
મુજકો અબ સહાના જાય,
મુજકો અબ રહા ના જાય. ...(૧)

કરૂ મૈં શિકાયત કિસકો,
ના કોઈ સુનને વાલા રહા,
હર કોઈ અપને રંગ ખેલતે હો,
મૈં અકેલા, સિર્ફ અકેલા પડ ગયા. ...(૨)

ક્યું દિયે મુજકો કર્ણ,
દેખનકો દો નયના,
મુજકો તું સુરદાસ બનાદે,
છૂટ જાય સંસાસ કી માયા,
શ્રીજી તેરો નામ કી માલા જપું,
ગુંજન મન મેં તેરી ધૂન ...(૩)

'શ્રી કૃષ્ણ શરણં મમ્'
અંત સમય અબ આ ગયો,
રાહ દેખત તેરો બુલાવા,
સહન કરને કી શક્તિ દેના,
ના ભુલું મેં તેરા નામ ...(૪)

**- ચાંદશા'**

**ચંદ્રકાંત શાહ (ચટઈ)**

# શ્રી મદન મોહનજી મંદિર, બાલાસિનોર

## અધિકમાસ નિમિત્તે વિવિધ ઉત્સવોનું આયોજન

**અધિક ભાદરવા સુદ ૧ ને તા. ૧૮-૮-૨૦૧૨ થી અધિક ભાદરવા વદ અમાસને તા. ૧૬-૯-૧૨ સુધી ઉજવવામાં આવનાર તિથિઓની યાદી**

| | | |
|---|---|---|
| તા. ૧૮-૮-૧૨ | ભાદરવા સુદ ૧ | સંવત્સર |
| તા. ૧૯-૮-૧૨ | ભાદરવા સુદ ૨ | દ્વિતીયા પાઠ |
| તા. ૨૦-૮-૧૨ | ભાદરવા સુદ ૩ | ઠકરાણી ત્રીજ |
| તા. ૨૧-૮-૧૨ | ભાદરવા સુદ ૪ | ફતેહ ચોથ |
| તા. ૨૨-૮-૧૨ | ભાદરવા સુદ ૫ | વસંત પંચમી |
| તા. ૨૩-૮-૧૨ | ભાદરવા સુદ ૬ | ધનધન છઠની રાત |
| તા. ૨૪-૮-૧૨ | ભાદરવા સુદ ૮/૯ | ગોપાષ્ટમી/ રામનવમી |
| તા. ૨૬-૮-૧૨ | ભાદરવા સુદ ૧૦ | દશેરા |
| તા. ૨૭-૮-૧૨ | ભાદરવા સુદ ૧૧ | દાનઘાટી |
| તા. ૨૮-૮-૧૨ | ભાદરવા સુદ ૧૨ | વામન દ્વાદસી |
| તા. ૨૯-૮-૧૨ | ભાદરવા સુદ ૧૩ | ફૂલ બંગલો |
| તા. ૩૦-૮-૧૨ | ભાદરવા સુદ ૧૪ | ચાંદી બંગલો |
| તા. ૩૧-૮-૧૨ | ભાદરવા સુદ ૧૫ | મહારાસ |
| તા.૦૧-૯-૧૨ | ભાદરવા વદ ૧ | ચીર હરણ |
| તા. ૦૨-૯-૧૨ | ભાદરવા વદ ૨ | છાકનો મનોરથ |
| તા. ૦૩-૯-૧૨ | ભાદરવા વદ ૩ | ગિરીરાજ કુનવારો |
| તા. ૦૪-૯-૧૨ | ભાદરવા વદ ૪ | અષ્ટ સખા મનોરથ |
| તા. ૦૫-૯-૧૨ | ભાદરવા વદ ૫ | ગિરીરાજનો દૂધ અભિષેક |
| તા. ૦૬-૯-૧૨ | ભાદરવા વદ ૬ | ફૂલ મંડળી |
| તા. ૦૭-૯-૧૨ | ભાદરવા વદ ૭ | ફૂલનો હિંડોળો/ કાચનો હિંડોળો ચાંદીનો હિંડોળો |
| તા. ૦૮-૯-૧૨ | ભાદરવા વદ ૮ | જલ-વિહાર |
| તા. ૦૯-૯-૧૨ | ભાદરવા વદ ૮ | ઝુપડી મનોરથ |
| તા. ૧૦-૯-૧૨ | ભાદરવા વદ ૯ | કુંજ મનોરથ ગુંસાઈજીનો ઉત્સવ |
| તા. ૧૧-૯-૧૨ | ભાદરવા વદ ૧૦ | સાવન ભાદો (પૂ. સુરેશબાવાનો જન્મ દિવસ) |
| તા. ૧૨-૯-૧૨ | ભાદરવા વદ ૧૧ | મહાપ્રભુજીનો જન્મ દિવસ |
| તા. ૧૩-૯-૧૨ | ભાદરવા વદ ૧૨ | પનઘટ |
| તા. ૧૪-૯-૧૨ | ભાદરવા વદ ૧૩ | ચુંદડી મનોરથ |
| તા. ૧૫-૯-૧૨ | ભાદરવા વદ ૧૪ | નાવનો મનોરથ |
| તા. ૧૬-૯-૧૨ | ભાદરવા વદ અમાસ | વૃજ કમલ |

**નોંધ : સમય અને મનોરથમાં ફેરફાર કરવાનો હક્ક મંદિરને રહેશે.**

આમ વર્ષમાં આવતા ઉત્સવો અધિક માસ દરમ્યાન ઉજવવામાં આવશે. રૂા. ૧૫૦૧/- ન્યોછાવર આપીને વૈષ્ણવ પોતાની પસંદગીના ઉત્સવ લખાવી શકે છે. એક દિવસના એક થી વધુ ઉત્સવો લખાવી શકાશે. ઈચ્છુક વૈષ્ણવો ટ્રસ્ટીઓનો સંપર્ક સાધી નામ લખાવી શકે છે. ન્યોછાવરની પહોંચ આપવામાં આવશે. આ મનોરથનો પ્રસાદ ૩૧-૩-૧૩ સુધી આપવામાં આવશે.

**વિશેષ માહિતી માટે ટ્રસ્ટીઓનો સંપર્ક સાધવા વિનંતી છે.**

**ટ્રસ્ટીઓ**

**શ્રી મદન મોહનજી મંદિર, બાલાસિનોર**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત 'ચાલો બાલાસિનોર ૧૦ થી ૧૫ નવેમ્બર ૨૦૧૨'

સર્હેષ જણાવતા આનંદ થાય છે કે બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ 'ચાલો બાલાસિનોર' નું આયોજન દીવાળી દરમ્યાન હાથ ધરાયું છે જેની વિગતો નીચે મુજબ છે.

**જવાની તારીખ**

૧. તા. ૧૦-૧૧-૨૦૧૨ શનિવાર રાતના (વડોદરા એક્સપ્રેસ - દેહરાદુન એક્સપ્રેસ)

૨. તા. ૧૧-૧૧-૨૦૧૨ને રવિવાર સવારે વડોદરાથી બાલાસિનોર તળાવ દરવાજા સુધી બસ દ્વારા પ્રવાસ. (સાથે ચા, કોફીની વ્યવસ્થા)

૩. તા. ૧૧-૧૧-૨૦૧૨ થી ૧૫-૧૧-૨૦૧૨ બાલાસિનોર ખાતે સવારનો ચા નાસ્તો, બપોરનું ભોજન તથા રાત્રીના ભોજનનું આયોજન દશાનીમા વણીક વાડીમાં રાખવામાં આવેલ છે.

૪. તા. ૧૧-૧૧-૨૦૧૨ લાયન્સ કલબ હોલ ખાતે, મ્યુઝીકલ ગેમ શો, તા. ૧૨-૧૧-૨૦૧૨ શક્તિ ટોકીઝ ખાતે બપોરે ૨ થી ૫ પીકચરનો શો, (શક્ય હોય તો) તા. ૧૪-૧૧-૨૦૧૨ સીધ્ધનાથ પાર્ટી પ્લોટ ખાતે ૯ વાગ્યાથી. ડાંડીયા રાસનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે.

૫. ૧૫-૧૧-૨૦૧૨ ના રોજ સાંજે ૫ કલાકે તળાવ દરવાજે થી બસ દ્વારા વડોદરા જવા રવાના.
જમવાના પેકેટ બસમાં આપવામાં આવશે. રાત્રે ૧૦.૩૦ કલાકે વડોદરા એક્સપ્રેસ દ્વારા મુંબઈ રવાના.

**નોંધ**

૧. તા. ૧૧-૧૧-૨૦૧૨ થી ૧૫-૧૧-૨૦૧૨ જમણવાર દરમ્યાન મીનરલવોટર (Disposable glass) આપવામાં આવશે.

૨. ટીફીન ની વ્યવસ્થા કરવામાં આવશે નહીં.

૩. દરેક વ્યક્તી એ Govt.photo Id સાથે રાખવું જરૂરી છે.

૪. સંઘ દ્વારા આયોજીત 'ચાલો બાલાસિનોર'ના પ્રોગ્રામ મા સાથે ન જોડાનાર વ્યક્તીઓને જમવાના પાસ બે દીવસ પહેલા મળી શકશે. Same Day જમવાના પાસ આપવામાં નહીં આવે.

**આવશ્યક સુચનાઓ**

૧. દરેક વ્યક્તિએ પોત પોતાના સામાનની હેરફેરની વ્યવસ્થા પોતેજ કરવાની રહેશે.

૨. દરેક વ્યક્તિએ પોતાના નામની ટીકીટમાં પોતેજ પ્રવાસ કરવાનો રહેશે. જો એ ટીકીટમાં બીજો કોઈ વ્યક્તિ પ્રવાસ કરશે તો એની જવાબદારી જે તે વ્યક્તિની વ્યક્તિગત રહેશે.

૩. જો કોઈ કારણસર ટીકીટ કેન્સલેશન હશે તો તા. ૫-૧૧-૨૦૧૨ સુધીજ કેન્સલ કરવામાં આવશે અને કેન્સલેશન ચાર્જ તથા એજન્ટનો ચાર્જ તે વ્યક્તિ એ ભરવાનો રહેશે.

૪. સંપુર્ણ વીગતો સાથે વિગતવાર ભરેલ ફોર્મ અને પુરી રકમ તા. ૨૫-૫-૧૨ થી ૩૦-૬-૧૨ સુધી

**નીચે જણાવેલ સ્થળોએ જમા કરવાના રહેશે.**

૧. શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦, અરદેશર સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૪, ફોન નં. ૨૩૮૮૭૦૦૬, ફોર્મ સ્વીકારવાનો સમય બપોરે ૩ થી ૬, રવિવારે સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી.

૨. શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ સૌમીલ મોદી - ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, બેગ મોહમ્મદ સ્કુલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૩, ફોન. નં. ૨૩૪૨૬૩૧૬, ફોર્મ સ્વીકારવાનો સમય સોમવાર થી શનિવાર બપોરના ૧૨ થી ૬ વાગ્યા સુધી.

૩. બાલાસિનોર પ્રગતી સમાજ : ૪૫/૪૯ બાબુગેનું રોડ, બાલકૃષ્ણ કૃપા, ઓફ કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨, ફોન નં. ૨૨૦૫૩૪૭૬, સંપર્ક શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ, ફોર્મ સ્વીકારાવનો સમય સાંજે ૪ થી ૬ (સોમવાર થી શનિવાર)

**ઉપનગર ખાતે**

૪. શ્રી નીલેશ નવનીતલાલ શાહ : સી-૨૪, સરદાર સ્મૃતી, બીજે માળે, એસ.વી.પી.રોડ, ઓપોઝીટ જૈન દીગંબર ટેમ્પલ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨, ફોન નં. ૨૮૯૨૬૪૯૧, ફોર્મ સ્વીકારવાનો સમય : સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી.

૫. ગાંધી નીમીષ બાબુલાલ (પાકા) બી-૩૧, રાજેશ એપાર્મેન્ટ, એ-૭૨, શંકરગલી, ત્રીજે માળે, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૬૭, ફોર્મ સ્વીકારવાનો સમય સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી.

**- મંત્રી : ભાવેશ બીપીન મોદી**

**- સંયોજક : જીગર મણીકાન્ત કડકીઆ**

**મો. ન. ૯૮૨૦૩ ૩૧૫૩૫**

## વાડાસિનોર પ્રગતિ સમાજ
## કો.કે.સોસાયટી લી.

**સર્વે શેર હોલ્ડર ભાઈઓ તથા બહેનો.**

સવિનય નિવેદન છે કે ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની ૨૬ મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦-૬-૨૦૧૨ ને બુધવાર રોજ સાંજે ૭.૩૦ કલાકે તેજપાલ ઓડીટોરીયમ ખાતે શ્રી યોગેશભાઈ રમણીકલાલ ધારીયાના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ છે. તો સૌ શેરહોલ્ડર સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

**માનદ્ મંત્રીઃ**

**શ્રી કૌશીકભાઈ કા. કડકીયા,**

**શ્રી મંજુલ શૈ. ધારીયા**

# SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENTS
## "CHALO BALASINOR" 10TH NOVEMBER 2012 TO 15TH NOVEMBER 2012

Form No : __________ Date : _________

Name of Applicant : ____________________________________________
Address : ____________________________________________
____________________________________________
Telephone No : ______________________________ Mobile No: ______________________________

| SR. No | SURNAME | NAME | MIDDLE NAME | AGE | SEX | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| 01 | | | | | | |
| 02 | | | | | | |
| 03 | | | | | | |
| 04 | | | | | | |
| 05 | | | | | | |
| 06 | | | | | | |

| Package Cost | Sleeper Class | III AC | II AC |
|---|---|---|---|
| Male/Female Regular | Rs. 1900 | Rs. 2550 | Rs. 3000 |
| Sr. Citizen Female | Rs. 1700 | Rs.2100 | Rs.2350 |
| Sr. Citizen Male | Rs. 1750 | Rs. 2150 | Rs. 2450 |
| Child (5 to 12 years) | Rs 1750 | Rs 2100 | Rs 2700 |

**INSRUCTIONS:**

1. FORMS TO BE FILLED IN BLOCK LETTERS ONLY IN ENGLISH LANGUAGE.
2. PACKAGE CHARGES INCULDES TRAVELLING EXPENSES AND ALL MEALS AND BREAKFAST.
3. SEPARATE FROMS MUST BE FILLED FOR DIFFERENT TRAVELLING CLASS (XEROX ALLOWED).
4. FULL PAYMENT IN CASH WILL HAVE TO BE MADE AT THE TIME OF FORM SUBMISSION.
5. CANCELLATION CHARGES ALONG WITH AGENT CHARGES TO BE BORNE BY THE APPLICANT.
6. NO CANCELLATION ALLOWED AFTER 5TH NOVEMBER 2012
7. TICKETS ARE NOT TRANSFERABLE.
8. SENIOR CITIZEN WILL HAVE TO CARRY THEIR GOVERNMENT PHOTO ID WITH AGE PROOF.

**BHAVESH BIPIN MODI (SECRETARY)**
**9869080287**

**JIGAR MANIKANT KADAKIA (CONVENER)**
**9820331535**

---

FOR OFFICE USE ONLY

Form No: _________
Name of Applicant : ____________________________________________

Received Rs. ___________________________
Receivers Signature : ___________________________
FOR SHREE BALASINOR NAVYUVAK SANGH

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. Kadakia Navinchandra Kantilal
9th Khetwadi Lane, Haji Allarakha
"A" Block, 3rd Floor, Room No. 30-31,
Mumbai - 400004
2. Jignesh Manikant Kadakia
403, Ramashree Residency,
Motnath Mahadev Road,
Besides. Hanuman Mandir,
Harni - Baroda - 390022
PH: 0265 6581376
3. Nital Nilesh Shah
42, Torittaway, Tryganina, Melbourne
Victoria - 3029 - Australia
M.No.: 0061404760448

૪. ભાવસાર મનહરલાલ મોહનલાલ
C/o દક્ષા એસ. દલાલ
૫૦૫/ બી વિંગ
ડી.સી.પાર્ક ફ્લેટસ, ૫મો માળ
વૈશાલી સિનેમા નજીક
પો. નડીયાદ. જી. ખેડા-૩૮૭૦૦૨

૫. ભાવસાર હેમેન્દ્ર મનહરલાલ
''શરણમ''
વલ્લભ નગર પોલીસ સ્ટેશન સામે
જૈન મંદિરની પાછળ
પોસ્ટ - નડીયાદ. જી. ખેડા-૩૮૭૦૦૨

૬. રક્ષા એસ. મોદી
૧૬૦૧, પારસમણિ ટાવર
૧૬મો માળ, નાયગાંવ ક્રોસ રોડ,
એમ.એમ.જી.એસ. માર્ગ
દાદર (પુર્વ), મુંબઈ - ૪૦૦૦૧૪
ટેલ: ૨૪૧૩૦૨૮૦

## તેજસ્વી તારલા

૧. કૃતિ ધવલ ગાંધી
ICSE માં ૯૭ % માર્કસથી ઉત્તીર્ણ થયા છે.

૨. તનુષ્કા ભાવેશ દેસાઈ (રોજવાવાળા) ICSE માં ૯૪.૮ % માર્કસથી પાસ થયા છે.

3. Mr. Shaival Kacheria, 96 .1% in ICSE Exams 2012 and scored 100/100 in Mathematics.

**સંસ્થા વતી હાર્દિક અભિનંદન**

## નવા નંબર

Chandrika Shirish Kadakia H: 23521994
M : 9819891133

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| કુંજબાળા નટવરલાલ દેસાઈ | ૮૬ |
| શર્મિષ્ઠાબેન ચંન્દ્રકાંત શાહ (નગરશેઠ) | ૭૫ |
| શાંતાબેન બાબુલાલ મોજીલાલ મોદી | ૯૧ |
| કુસુમબેન ર્કિતનલાલ (હર્ષદરાય) શાહ (મલમ) | ૮૩ |
| ચંદનબેન નટવરલાલ મોદી | ૮૫ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**

R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 3 June - 2012

## ✣ પ્રેમની સ્વીકૃતિ ✣

ક્યારેક માણસ પ્રેમ પામવા માટે મંડી પડે છે, મચી પડે છે. ફાંફા મારવાથી પ્રેમ ન મળે, પ્રેમ પામવાનો કોઈ પ્રોજેક્ટ ન હોઈ શકે. મેઘ ધનુષ્યનું આયોજન ન હોઈ શકે. ટહુકાનું ટાઈમટેબલ ન હોઈ શકે. મોરના નૃત્યનો કોઈ ચેરિટી શો ન હોઈ શકે. ઝરણાંના વહેણનો કોઈ નિશ્ચીંત રૂટ ન હોઈ શકે. પ્રેમ સહજના કિનારે ઉગે છે. સ્વચ્છ રેતીમાં આળોટે છે. ખુલ્લી હવામાં વિસ્તરે છે અને અનંત આકાશમાં વ્યાપે છે. તમે કોઈને પ્રેમ કહો છો એનો અર્થ એજ કે તમે આખાને આખા વ્યક્તિત્વને પ્રેમ કરો છો. પ્રિયજનના અખિલ અસ્તિત્વને અકબંધ રાખ્યા વિના પ્રેમ પામવાનું શક્ય નથી. પ્રેમ અધિકાર નથી આવિષ્કાર છે. પ્રેમમાં કરાર નથી હોતો કેવળ સ્વીકાર હોય છે. તમે તમારી પ્રિય વ્યક્તિ પર તમારા વિચારો લાદો તેજ ક્ષણે પ્રેમ સંબંધ ખતમ થાય છે. લગ્ન સાથે કરાર અને અધિકાર જેવા બે શબ્દો જોડાય જાય છે. પરિણામે લગ્નસબંધ ઘણુખરુ પ્રેમ સબંધની ખાતરી નથી આપતો. પ્રેમ જીવનની આડમાં છુપાય રહેલ માલિકી ભાવને સમજી લેવાનો છે. લગ્ન મંડપમાં ઘણું ખરું અપેક્ષાઓનોજ હસ્તમેળાપ થતો હોય છે. અધિકાર કદીય આવિષ્કારની ખાતરી ન આપી શકે. હસ્તમેળાપ - હૃદય મેળાપની ખાતરી ન આપી શકે.

- સંકલન

2nd Cover Page

**SHREE BALASINOR NAVYUVAK SANGH**

# NOTICE OF 62ND ANNUAL GENERAL MEETING

**DATE : 30-5-2012**

**TO,**

**All Members,**

Notice is here by given that the 62nd Annual General Meeting of Shree Balasinor Navyuvak Sangh will be held under the presidentship of Shri Kalpesh Suresh Dharia (Balbal) on Saturday 30th June 2012 12 at 6.00 P.M. at Shri Mohanlal Sankerlal Shah (Zat) Sabhagruh (BNS Office) V.P.Road, Mumbai - 400004 to transact the following business on the agenda.

# AGENDA FOR THE MEETING

1) To read, confirm and approve the Minutes of the 61st Annual General Meeting held on 26th June 2011.
2) To read, confirm and approve the Minutes of Extra Ordinary General Meeting held on 22nd March 2012.
3) To distribute the educational performance prizes.
4) To distribute the prizes to the winner of Indoor sports game.
5) To receive, consider and adopt the managing committee's report for the year 2011-2012.
6) To receive, consider and adopt the Audited Accounts of the Sangh for the year ended 31st March 2012.
7) To appoint the auditor for the year 2012-2013 and to fix his remuneration.
8) Any other matter from the desk of the President.
9) President's Address.

# NOTES

1) If the meeting is adjourned for the want of quorum, the same will be held on the same day at the same place after half an hour of the appointed time and the adjourned Meeting will transact the business on the Agenda, irrespective of whether there is quorum or not.
2) All are requested to be present for the meeting in time.

**Hon. Secretary**

**SHRI BHAVESH BIPIN MODI**

**(THASRAWALA)**